# RELIANCE FOUNDATION INITIATIVE ON PLASTIC WASTE MANAGEMENT IN FIVE VILLAGES OF GUJARAT



**Mumbai 30 September, 2019 -** Reliance Foundation (RF) has undertaken a plastic waste management initiative in the villages of Nayatwada, Abiyana, Masali, Chalvada and Dholakda in Patan District, Gujarat in keeping with the Swachh Bharat mission of the Government of India.

In these five villages a multi-pronged approach of awareness creation, training and implementation was adopted. This pilot project was launched in March, 2019, wherein over 1,000 women across 54 villages participated and took an oath to not litter plastic. To spread awareness, meetings were held in villages; ‘bhavai’ or street plays were performed and programmes were conducted in schools. In addition, to reinforce the message of cleanliness, posters and banners were placed in strategic locations across the villages.

Next, RF trained the community on plastic waste collection, segregation and packaging; dustbins were also provided to reduce littering. Moreover, the villagers were linked with plastic recyclers from nearby towns, to whom they sold the plastic waste, thereby earning an additional income. This motivated the Gram Panchayats to conduct plastic waste collection drives.

Following the success of the initiative, people from other villages also visit these five villages, with a desire to learn and implement these practices in their own villages. Government officials who visited the villages have encouraged RF to take this initiative to other villages in Gujarat.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પાટણની કચેરી
જુના સરકારી સર્કિટ હાઉસની બાજુમાં, યુનિવર્સિટી રોડ, પાટણ
Email :drda.pat@gmail.com
ફોન નં. : ૦૨૭૬૬-૨૨૧૧૧૧

સમયોગ • સંગઠન • સમૃદ્ધિ

150 YEARS OF CELEBRATING THE MAHATMA

નં.જગવ/SBM/વશી/ ૫૭૨૮/૨૦૧૯ તા.૨૭/૦૮/૨૦૧૯

પ્રતિ,
પ્રેસીડન્ટશ્રી,
રિલાયન્સ ફાઉન્ડેશન,
રાધનપુર કલસ્ટર,
જિલ્લો–પાટણ.

**વિષય :– શંખેશ્વર, જિલ્લો – પાટણમાં ઘનકચરા અને પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપનનો પ્રોજેકટ હાથ ધરવા બાબત.**

શ્રીમાન,

ઉપરોકત વિષય સંબંધમાં જયભારતસહ જણાવવાનું કે, સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય વિસ્તારોમાં NGT (નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ) અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના **તા.૧૬/૦૧/૨૦૧૯ અને તા.૦૯/૦૪/૨૦૧૯** ના ઓર્ડર મુજબ સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અધિનિયમ–૨૦૧૬ ના નિયમ–૧૨ તથા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ–૨૦૧૬ મુજબની કામગીરી હાથ ધરવાની થાય છે. જે અંતર્ગત માન.કમિશ્નરશ્રીના **તા.૨૮/૦૫/૨૦૧૯** ના પત્ર **નં.–સીઆરડી/એસબીએમ/૮૯૭/૨૦૧૯** અન્વયે પાટણ જિલ્લામાં શંખેશ્વર, ડેર તા.પાટણ, અને બિલીયા તા.સિધ્ધપુર એમ ત્રણ ગામોની પસંદગી કરવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઉપરોકત બાબતે આપશ્રીના ફાઉન્ડેશનના અધિકારીશ્રીઓ / પ્રતિનિધિઓ સાથે **તા.૨૬/૦૮/૨૦૧૯** ના રોજ અમારી સાથે થયેલ બેઠકમાં થયેલ ચર્ચા મુજબ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પાટણ જિલ્લામાં રાધનપુર, સાંતલપુર અને શંખેશ્વર તાલુકામાં ઉમદા કામગીરી કરવામાં આવી રહેલ છે. રાધનપુર અને સાંતલપુરતાલુકામાં પાંચ ગામો અબિયાણા ચલવાડા,મસાલી,નાયતવાડા અને ધોળકડામાં રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પ્લાસ્ટિક કચરાના કલેકશન, સેગ્રેગેશન, પેકેજીંગ અને નિકાલની ઉત્તમ કામગીરી હાથ ધરાવામાં આવી રહેલ છે. જે ખુબ જ પ્રશંસનીય કામગીરી છે.

(ક્રમશઃ)

આપશ્રીને સુવિદિત હશેકે,પાટણ જિલ્લામાં શંખેશ્વર ગામનું ખુબ જ મહત્વ રહેલું છે. શંખેશ્વરએ પૌરાણિક, ઐતિહાસિક રીતે જૈનતીર્થ તરીકે માત્ર ભારતમાં જ નહી પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ વૈશ્વિક રીતે મહત્વનું તિર્થધામ તરીકે સુપ્રસિધ્ધ છે. શંખેશ્વરમાં સ્થાનિક વસ્તી ઉપરાંત દૈનિક ધોરણે હજારોની સંખ્યામાં યાત્રાળુઓ દર્શનાર્થે પધારતા હોય છે. અસંખ્ય યાત્રાળુઓની દૈનિક અવર–જવરને પરિણામે શંખેશ્વરમાં ઘનકચરો તેમજ પ્લાસ્ટિક કચરાનો સુવ્યવસ્થિત રીતે નિકાલની વ્યવસ્થા થાય તે અત્યંત જરૂરી છે. શંખેશ્વર ગામની મોડેલ વિલેજ તરીકે વિકસાવવા માટે પસંદગી કરવામાં આવેલ હોઈ તમામ પ્રકારે શંખેશ્વરનો વિકાસ થાય તેમજ સમગ્ર શંખેશ્વર ગામ પ્લાસ્ટિક ફ્રી ગામ બને તે દિશામાં કામગીરી કરવા રિલાયન્સ ફાઉન્ડેશનનો સહયોગ અનિવાર્ય છે.

ઉપરની વિગતો ધ્યાને લઈ શંખેશ્વરમાં પણ રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા પ્લાસ્ટિક કચરાના વ્યવસ્થાપનનો પ્રોજેકટ હાથ ધરવામાં આવે તે દિશામાં કાર્યવાહી કરવા અનુરોધ છે.

**આપના સહકારની અપેક્ષાસહ...**

(ડી.કે.પારેખ) IAS
ચેરમેન, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
–વ–
જિલ્લા વિકાસ અધિકારી,પાટણ

નકલ રવાના :–
(૧) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત, શંખેશ્વર
(૨) તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત,પાટણ
(૩) તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત, સિધ્ધપુર






Reliance
Foundation
જો સૂકા કચરા ની થાય અધોગતી
તો જ થાય આપણા ગામની પ્રગતિ





